Date :- 26-10-2024
Divya Bhaskar, Page-3, Surat

### સુરત મહાનગરપાલિકાની વધુ એક એવોર્ડ માટે પસંદગી

# કાલે ગાંધીનગરની કોન્ફરન્સમાં સુરતને બેસ્ટ સિટી ટ્રાન્સપોર્ટમાં એવોર્ડ અપાશે

## 26 કર્મીઓની ટીમને 3 દિવસ ગાંધીનગરમાં પ્રેઝન્ટેશન આપશે

ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિપોર્ટર | સુરત

તાજેતરમાં જ પાલિકાને અર્બન વોટર બોડી એવોર્ડની સિદ્ધિ હાંસલ થયા બાદ વધુ એક એવોર્ડ માટે પસંદગી થઇ છે. કેન્દ્રના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા આગામી 25થી 27મી ઓક્ટોબર સુધી ગાંધીનગરમાં યોજાનારી 17મી અર્બન મોબીલિટિ ઈન્ડિયા કોન્ફરન્સમાં સુરત મહાનગરપાલિકાને સિટી વીથ ધ બેસ્ટ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ કેટેગરીમાં 'એવોર્ડ ઓફ એક્સેલન્સ એન્ડ અર્બન ટ્રાન્સપોર્ટ' એવોર્ડથી સન્માનિત કરાશે. 27મીએ કેન્દ્રીય મંત્રી મનહર લાલ ખટ્ટરના હસ્તે પાલિકા કમિશનરને એવોર્ડ એનાયત કરાશે.

### વોટર મેટ્રોઃ કોચીની જેમ સુરતમાં E-બોટ દોડશે

પાલિકા કમિશનરે કહ્યું કે, સૂચિત વોટર મેટ્રો પ્રોજેક્ટ માટે ફ્રેન્ચ ડેવલપમેન્ટ એજન્સી (AFD)એ નિઃશૂલ્ક માર્ગદર્શન આપવાની તૈયારી દર્શાવી છે. પેરિસ મુલાકાત દરમ્યાન AFDના પ્રેઝન્ટેશન વખતે ભારતના કોચીમાં કાર્યરત વોટર મેટ્રો પ્રોજેક્ટની ઝાંખી રજૂ થઇ હતી. જેથી સુરત પાલિકાની એક ટીમને માર્ગદર્શન માટે કોચી મોકલાશે. કોચીમાં આયલેન્ડની ટ્રાવેલિંગ માટે લોકો વોટર મેટ્રોનો ઉપયોગ કરી રહ્યા છે. કોચીમાં દોડતી ઈલેક્ટ્રિક બોટને સુરતના સંભવિત વોટર મેટ્રો પ્રોજેક્ટમાં પણ લાગુ કરવાની વિચારણા છે.

ગાંધીનરના મહાત્મા મંદિર ખાતે આયોજિત ત્રણ દિવસીય કોન્ફરન્સમાં સુરત પાલિકાના 26 કર્મીઓની ટીમ હાજરી આપશે. કોન્ફરન્સ કમ એક્ઝિબિશનમાં ઉપસ્થિત રહેનાર દેશભરના વિવિધ શહેરોને મોબિલિટી વિષય ઉપર વધુમાં વધુ સવલતો કેવી રીતે આપી શકાય? તે મુદ્દે ચર્ચા-વિમર્શ કરાશે. પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે કહ્યું કે, એક્ઝિબિશનમાં 'ફ્રેમવર્ક ફોર પ્લાનિંગ ઓફ ઈન્ટિગ્રેશન ઓફ મોડસ ઈન અર્બન મોબીલીટી' અને 'વિઝન ફોર ક્લીન એર સિટીઝ, ઈમ્પેક્ટ ઓફ અર્બન ટ્રાન્સપોર્ટ' તેમજ 'ઈનોવેશન ચેલેન્જ' મુદ્દે પણ રાઉન્ડ ટેબલ ડીસ્કશન કરાશે.